ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ઉતર્યાં છીએ અમલદાર, મીઠી અક્ષા રાખજો!*
*જમાના પહેલાં જે હતી એવી જ કક્ષા રાખજો!*
*ઉપેક્ષા ક્યાંક કરતા નહીં - પક્ષ, સમારંભોમાં -*
*ખોદતા નહીં 'જમીન'ની ફાઈલો રક્ષા કરજો!!*
*('વિજયી' સીએમને 'માજી' સીએમે રક્ષા બાંધી)*

હાઈકુ

*લ્યો! ઉતરાસે*
*સૌરાષ્ટ્રનાં તળાવો -*
*પટેલે પ્રેમે...*
*('સૌની'! યોજના)*

*સોના કરતાં -*
*આજે તો 'કાંસુ' પણ,*
*છે મૂલ્યવાન...*
*(ન મામાં કરતાં...)*

### ચિંતન

*કુક્ષેઃ પૂર્ત્યૈ યવન વિતતે ર્ભૃત્ય કૃત્યાનિ કર્તું વિક્રીળીતે વપુરપિ નિજ વેતનૈદાસ્તામ્ ।*
*વિપ્રો ભૂત્વાપ્યહદ ગણનાનૈપુઐર્વંજયિત્વા સ્વર્ણસ્તેયં રચયતિ જનઃ સ્વામિના પોષણકાણામ્ ॥*

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'કવિ નિંદા'માંથી આ શ્લોક લેવામાં આવ્યો છે :

પોતાનું પેટ ભરવા વિદ્વાન-જ્ઞાની માણસ ભલે નીચી કક્ષાના - યવન જેવાની નોકરી કરે પેટનું ભરણ-પોષણ પણ કરે અને તનતોડ મહેનત કરી શરીર વેંચવા સુધીનાં કાર્યો કરે, પછી તેમણે આપેલાં વેતનથી આજીવિકા ચલાવે એમાં કોઈ ખાસ વાંધો ન હોઈ શકે!

પરંતુ પોતે સદાચારી અને સત્યનિષ્ઠ એવો હોવા છતાં માલિકના હિસાબ લખવામાં, સોંપેલાં કામ કરવામાં ચાલાકી-ચોરી કરી, માલિક-શેઠ સાથે જ જો છળકપટ કરી - એમાં કૌભાંડ કરી - ગફલતબાજી કરી, પોતાને પોષનાર માલિક સાથે દગો કરી, તેનું દ્રવ્ય ચોરી લેવાનો પેંતરો રચે, તે તો ખરેખર ખેદની વાત છે.

જે થાળીમાં જમો તેમાં થૂંકો નહીં - છિદ્ર ન પાળો ખાવ તેનું ખોદો નહીં.

### સુવિચાર

- ધ્યાન એ 'હું' રૂપી કેન્દ્રની સમજ છે અને
  તેથી કેન્દ્રની પેલે પાર જવાની ક્રિયા એ ધ્યાન છે - **જનકલ્યાણ**
- જ્ઞાન વગરની લાગણી કેવળ આવેશ છે અને લાગણી વગરનું જ્ઞાન શક્તિહીન છે - **રજનીશ**
- પાપ ન કરે તે દેવ, પાપ કર્યા પછી પશ્ચાતાપ કરે તે માનવી,
  અને પાપ કર્યા પછી જેને પશ્ચાતાપ ન થાય તે શેતાન - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- માણસને સૌથી વધુ બળ પ્રભુશ્રદ્ધા અને પ્રભુપ્રાર્થના શાંતિ આપે છે - **અખંડ આનંદ**
- મનોબળ એ સિદ્ધિનો પ્રાણ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- શબ્દના ધ્વનિમાંયે એક પ્રકારની શક્તિ હોય છે, તો તેના અર્થમાં કેટલી શક્તિ હશે ? - **સંત રોબિન**
- આજનું ઔષધ : તજના પાન પીસી પેસ્ટ બનાવી કપાળે ઘસવાથી માથાનો દુઃખાવો મટે છે.

**(દીપક વી. આસરા)**

### બોધકથા

બાળકને પરોપકાર, પ્રાણીઓ તરફના દયાભાવ પરહિત સેવાભાવના, દરિદ્રી-દર્દીની સારવાર આ બધા સંસ્કાર નાનપણથી જ તેમને હાથે કરાવવા જોઈએ તેથી તેની ટેવ - ભાવ-લાગણી કેળવાય.

દધિચી ઋષિ પુત્ર હતા. નાનપણથી આશ્રમમાં આવતાં પશુ-પંખીની દેખભાવ તેમને જ સોંપવામાં આવી હતી. હરણાંને લીલું ઘાસ હાથેથી ખવડાવવામાં એને ખૂબ જ આનંદ આવતો.

એકવાર આશ્રમના ઘટાદાર વૃક્ષો પર એક મોટો ઝેરી સાપ પોપટનાં ઈંડા-બચ્ચાં ખાવા ચઢી ગયો - પોપટ પોપટીએ રડારડ મચાવી દીધી - ત્યાં રમતાં ઋષિ બાળકોનું ધ્યાન તે તરફ ગયું - દધિચી, સાપનું લક્ષ્ય અને ભક્ષ્ય પામી ગયો. સાપ બચ્ચાંને પકડે તે પહેલાં જ દધિચી વૃક્ષ પર ચડી ગયો અને સાપને ઝાપટ મારી - સાપ ઉશ્કેરાઈ દધિચી તરફ ગયો - દધિચીએ તેની પૂંછડી પકડી નીચે કૂદકો માર્યો. સાપ નાશી ગયો. પોપટના બચ્ચાં બચી ગયાં.

આ જ દધિચી ઋષિએ રાક્ષસને મારવા માટે પોતાનું દેહદાન આપી 'હાડકાં' આપ્યાં જેનાથી રાક્ષસને મારવાનું હથિયાર તૈયાર થયું. સેવા અને દયાભાવ આને કહેવાય...

# શાબાશ સિંધુ - સાક્ષી

રિયો ઓલિમ્પિકમાં રજત અને કાંસ્ય ચંદ્રક અપાવી બે દીકરીઓએ ભારતનું નાક બચાવી લીધું છે. આરંભિક તબક્કામાં એક પણ મેડલ નહિ મળવાને કારણે દેશભરમાં એક નિરાશાનું મોજું પ્રસર્યું હતું. પરંતુ ગુરુવારે સાક્ષીએ કાંસ્ય ચંદ્રક અને શુક્રવારે સિંધુએ રજતચંદ્રક અપાવી ઓલિમ્પિકના સ્કૉરબોર્ડમાં ભારતને સ્થાન અપાવ્યું તેનું ગૌરવ સમગ્ર દેશને છે. બંને રમતવીર દીકરીઓને સમગ્ર દેશ અભિનંદન પાઠવે છે. સાક્ષી મલ્લિકે કુસ્તીમાં ઈતિહાસ સર્જ્યો. ભારતના રમતજગતના ઈતિહાસમાં પહેલી વખત મહિલા ખેલાડીને ઓલિમ્પિક ચંદ્રક પ્રાપ્ત થયો. સામાન્ય પરિવારની દીકરી ઊંચી લગન સાથે વિશ્વ કક્ષાએ પહોંચી એનો અનોખો મહિમા છે. એટલું જ નહિ કરોડો કરોડો પરિવારો માટે પ્રેરક સંદેશ છે.

ગોલ્ડ મેડલ ચૂકી સિલ્વર મેડલ મેળવનાર પી.વી. સિંધુ છેલ્લી પંદર મિનિટ તો દેશવાસીઓની ધડકન પર છવાઈ ગઈ હતી. ફાઈનલમાં ખરાખરીનાં જંગલમાં ત્રટ સેટમાંથી એક સેટ જીતી એક, એક સેટ હારી, ત્રીજા જેટમાં રોમાંચક માહોલમાં સિંધુએ વિશ્વની પ્રથમ નંબરની ખેલાડી કેરોલીન મારીન ને આક્રમક લડત આપી હતી. દેશ આખો સિંધુની આક્રમક રમત પર આફરીન બન્યો. ત્રીજા સેટમાં ભલે પરાજય થયો પરંતુ સિંધુની રમત ઐતિહાસિક રહી હતી. ભારતના ગૌરવને છાજે એવી ખેલદિલીપૂર્વક સિંધુએ રમત રમી રજતચંદ્રક અપાવ્યો. તેનો રાજીપો દેશવાસીઓએ સોશ્યિલ મીડિયાના માધ્યમથી વહેતો કર્યો. મહિલા બેડમિન્ટન સિંગલ્સમાં પ્રથમ વખત ઓલિમ્પિકમાં સ્થાન મેળવનારી સિંધુએ પણ ઈતિહાસ રચ્યો છે.

સિંધુ અને સાક્ષીએ ઓલિમ્પિકમાં ઘસાતી આપણા દેશની આબરૂને બચાવી લીધી છે. વૈશ્વિક કક્ષાની સ્પર્ધાઓમાં ભારતનો દેખાવ હજુ પણ સંતોષજનક નથી એ વાત આપણે કબૂલવી જ પડશે. છેલ્લા દાયકાથી આપણી રમત

**તંત્રીસ્થાનેથી...**

પરત્વેની વૃત્તિ-પ્રવૃત્તિ ઘસાતી જાય છે. આજકાલ આપણા દેશમાં રમત એટલે ક્રિકેટ એવો સંકુચિત ભાવ ઊભો થતો જાય છે. જોડનારી રમત છે પરંતુ ક્રિકેટના કારણે અન્ય રમતો હાંસિયામાં ધકેલાઈ જાય એ ચિંતાજનક છે. ક્રિકેટની સાથે સટ્ટો જોડીને કે મેચ ફિક્સિંગ જોડીને સમગ્ર રમતજગતને બદનામ કરાયું છે. હજુ પણ નીતિવિષયક નિર્ણયોમાં ક્રિકેટ સિવાય અન્ય રમતોને પણ પ્રાધાન્ય આપવા ગંભીરતાથી વિચારવું જોઈએ. સરકાર કક્ષાએ અને સમાજકક્ષાએ પણ ખેલકૂદની વ્યક્તિગત અને સામુહિક રમતોને ઉત્તેજન આપવા વધુ ચિંતનની આવશ્યકતા સર્જાઈ રહી છે. એકસો પચ્ચીસ કરોડના દેશમાં એક સિંધુ કે એક સાક્ષી પર્યાપ્ત નથી. ફરીથી ખેલકૂદના ક્ષેત્રમાં ભારતનો ડંકો વાગે એવા પ્રયાસો આરંભીએ અને આવતી ઓલિમ્પિકમાં ચંદ્રકોની હારમાળા સર્જાય એવી પ્રોત્સાહક નીતિ ઘડાવવી જોઈએ.

# વન વિનાશ - વિકટ સમસ્યા





## વનસૃષ્ટિનો પરિચય

હેમંત સુથાર

તાજેતરમાં 'નેચર' મેગેઝીનમાં પ્રકાશિત થયેલા એક અહેવાલ મુજબ આ પૃથ્વી પર ૩૦ ખર્વ (ટ્રિલિયન) અને ૪૦ જેટલા વૃક્ષો છે. તે મુજબ માનવ માથાદીઠ ૪૨૯ વૃક્ષો થાય છે. આજથી ૧૨૦૦૦ વર્ષ પૂર્વે માનવ વસાહતો રુપે નગરો વિકસિત થયા તે ગાળામાં આ પૃથ્વી પર ૬.૫૦ ખર્વ (ટ્રિલિયન) વૃક્ષો હતા. તે હિસાબે તે સમયની માનવ વસતી પ્રમાણે માથાદીઠ ૧૩ (તેર) લાખ વૃક્ષો હતાં.

માથાદીઠ વૃક્ષોની વાત કરીએ છીએ ત્યારે આપણો ભારત દેશ અન્ય વિશ્વના મોટા દેશોની સરખામણીએ ઘણો પાછળ છે. કેનેડામાં ૮૯૫૩, રશિયામાં ૪૪૬૧, યુનાઈટેડ સ્ટેટમાં ૭૧૬, ચીનમાં ૧૦૨ અને છેલ્લે આપણા દેશમાં ફક્ત ૨૮ માથાદીઠ વૃક્ષોની સંખ્યા છે. કદાચ આ કારણે જ ભારતના ૧૩ શહેરો વિશ્વના વધુમાં ધુ પ્રદૂષિત ૨૦ શહેરોમાં સ્થાન ધરાવે છે. સિંગાપોર, સાઉદી અરેબિયા અને માલદિવ જેવા દેશોમાં એકથી પણ ઓછા માથા દીઠ વૃક્ષો છે જ્યારે ફોકલેન્ડમાં અધધધ કહી શકાય તેટલા ૨,૮૨,૯૦૦ જેટલા માથાદીઠ વૃક્ષો છે.

**આપણી પૃથ્વીનું આયુષ્ય ૪.૬ અબજ વર્ષ છે. તેને ૪૬ વર્ષના પ્રમાણે ગણીએ તો આ પૃથ્વી પર માનવને આવ્યે ફક્ત ૪ જ કલાક થયા છે, આ ગાળામાં થયેલા ઔદ્યોગિક વિકાસનો સમય ફક્ત એક જ (૧) મિનિટનો થાય છે, પરંતુ આટલા ટૂંકા ગાળામાં આ પૃથ્વીનો અડધોઅડધ જંગલોનો નાશ થવા પામ્યો છે**

વિશ્વની આજની વસતી ૭ અબજ થી વધુ છે અને તે પ્રમાણે પ્રતિવર્ષ માનવ વસતીના બમણા એટલે કે ૧૫ અબજ જેટલા વૃક્ષો કપાય છે અને ૧૩૦ લાખ હૅકટર જેટલા જંગલો પ્રતિ વર્ષ કપાય છે. તેની સામે પ્રતિ વર્ષ ફક્ત ૫ અબજ જેટલા વૃક્ષો એટલે કે છોડ વવાય છે. આમ પ્રતિ વર્ષ ૧૦ અબજ જેટલા વૃક્ષોનું નિકંદન નીકળે છે. જે ૫ અબજ જેટલા વૃક્ષો વવાવય છે તેની સરખામણી કપાતા પુખ્ત વૃક્ષો સાથે થઈ શકે નહિ. આપણા ભારત દેશમાં ગત છેલ્લા બે વર્ષમાં ૩૬૭ ચોરસ કિલોમીટર જેટલા વન આચ્છાદિત વિસ્તારો ઘટવા પામ્યા છે.

આપણી પૃથ્વીનું આયુષ્ય ૪.૬ અબજ વર્ષ છે. તેને ૪૬ વર્ષના પ્રમાણે ગણીએ તો આ પૃથ્વી પર માનવને આવ્યે ફક્ત ૪ જ કલાક થયા છે. આ ગાળામાં થયેલા ઔદ્યોગિક વિકાસનો સમય ફક્ત એક જ (૧) મિનિટનો થાય છે. પરંતુ આટલા ટૂંકા ગાળામાં આ પૃથ્વીનો અડધોઅડધ જંગલોનો નાશ થવા પામ્યો છે.

આ વિશ્વના અક્ષત વિશાળ મૂળભૂત પ્રાચીન કુદરતી જંગલો કે જે 'ફ્રન્ટીયર ફોરેસ્ટ' તરીકે ઓળખાય છે તેનો ૮૦ ટકાથી વધુ વિસ્તાર વિનાશ થઈ ચૂક્યો છે. દરિયાઈ ચેરના વનો પણ ૨૦ ટકાથી વધુ પ્રમાણમાં નષ્ટ થઈ ચૂક્યા છે.

માનવ સુખાકારી માટે વિવિધ વિકાસલક્ષી યોજનાઓ આકાર લઈ રહી છે. આ દરમિયાન રોડ, રેલવે, કેનાલ, વીજળી લાઈનો, ખાણો, ઉદ્યોગો માટે મોટા પ્રમાણમાં વનોની જમીનનો ઉપયોગ કરવો પડે છે અને તેના કારણે મોટા પ્રમાણમાં વૃક્ષો કાપવામાં આવે છે. વૃક્ષોની સાથે સાથે બહુ જ મોટા પ્રમાણમાં બહુમૂલ્ય વનસ્પતિ અને વન્ય પ્રાણી જૈવ વિવિધ્ય નાશ પામી રહ્યું છે. માનવ વસતી દિન પ્રતિદિન વધતી જ રહેવાની છે. તેનો અર્થ એ કે આ વિષચક્રને અંત આવનાર નથી. સમયસર આમુલ પરિવર્તન લાવવામાં નહીં આવે તો આવનારા ટૂંક સમયમાં માનવ સમાજનું અસ્તિત્વ નેસ્તનાબૂદ થઈ જશે.

# દેશની બેટીઓએ વધારી તિરંગાની શાન : સેલ્યુટ - રીસ્પેક્ટ...!!!



## રજળપાટ

અજય ઉપાધ્યાય

શુક્રવારે રાત્રે રીઓના એ સ્ટેડીયમમાં પદક અર્પણ સમારોહમાં તિરંગાને ઉપર ચડતા જોઇને કરોડો ભારતવાસીઓની આંખો ગર્વથી ભીની થઇ ગઈ હતી અને થાય જ ને...ઓલમ્પીકના ૧૨૦ વર્ષના ઈતિહાશમાં ભારત માટે આ પહેલો જ પ્રસંગ હતો સિલ્વર મેડલ જીતવાનો...!!! અને સિલ્વર મેડલને સ્વીકારવા અને ગળામાં શાનથી પહેરવા તૈયાર હતી પી.વી.સિંધુ...!!! રિયો ૨૦૧૬ ઓલમ્પિકના બેડમિંગટન સુવર્ણ મુકાબલામાં વર્લ્ડ નમ્બર વન ખેલાડી સામે બહાદુરીપૂર્વક અને હિમ્મતથી રમીને હારેલી આ ૨૧ વર્ષીય દીકરી પર આખા હિન્દુસ્તાનને નાઝ હતો...ગર્વ હતો અને ભારોભાર આભારની લાગણી હતી. ક્રિકેટના દીવાના આપણા દેશમાં કદાચ પહેલી વાર એવું બન્યું હશે કે શુક્રવારે સાંજના લગભગ ૭ વાગ્યા પછીથી આખો દેશ થંભી ગયો.

અને શુક્રવારની એ રાત્રે વર્લ્ડ નમ્બર વન સ્પેનની કેરોલીના મરીનને પ્રથમ જ વાર ત્રણ સેટ સુધી લડત આપવા મજબુર કર્યા પછી પણ જયારે સિંધુ હારી ત્યારે દેશને એના પર ગર્વ હતો , ગોલ્ડ ના મળવા છતાં પણ કરોડો દેશવાસીઓમાં એક ખુશી હતી અને એ ખુશી હતી ઓલમ્પિકમાં પહેલા સિલ્વર મેડલની , અને એ પણ દેશ કી બેટી ના દ્વારા...!!! અસલમાં કરોડો દેશવાસીઓ માટે એ એક રોમાંચક અને જીતની ક્ષણ હતી પણ ખરેખર તો સિન્ધુના રેકેટમાંથી નીકળેલો એ સણસણતો તમાચો હતો..!!! તમાચો એવા લોકો પર જેને બેડમીટનના ' બ' ની... કુસ્તીના 'ક' ની કે હોકીના 'હ' ની પણ ખબર નથી પડતી પણ આવા ખેલાડીઓની ટીકા કરવામાં પોતાની જાતને પ્રખર સમજતા હતા. સટ્ટાક કરતો આ તમાચો પડ્યો એવા સો કોલ્ડ લોકોના ગાલ પર કે જેમને પ્રોત્સાહનના બે શબ્દો કહેવા કરતા સતત છાપા-મેગેજીનોની પૂર્તિઓમાં , ટીવી ચેનલોની ડીબેટોમાં કે પછી ટ્વીટર —ફેસબુકની દીવાલો પર 'શોભા' ના આપે એવું લખવા—બોલવામાં જ પોતાની જાતને મહાન ગણતા રહ્યા. ટીકા અને એ પણ પાયા વગરની એ એક ખેલાડીના મનોબળને કેટલું નીચું લાવી શકે છે એની ખબર તો એ લોકોને જ પડે જે જીવનમાં ક્યારેક પણ કોઈ રમત રમ્યા હોય..!! પણ ના, આપણા દેશમાં સો કોલ્ડ ચિંતકો અને વિશ્લેષકોની એક આખીયે ફોજ આવા દરેક પ્રસંગે પોતાની હોશિયારી બતાવવા સજ્જ હોય જ છે. યેનકેન પ્રકારેણ પોતે અતિ જ્ઞાની છે અને બીજા દેશોમાં તો આમ ને આપણે ત્યાં આમ એવા બિનજરૂરી સંશોધનો અને તુલનાઓ કરીને પોતે સમાચારોમાં ચમક્યા કરે છે. સિંધુનો આ સિલ્વર મેડલ આવા (અ)બુદ્ધિશાળીઓના નાના મગજ પર કરાયેલો આકરો પ્રહાર છે, આશા રાખીએ કે ઇસ થપ્પડ કી ગુંજ આવા સો કોલ્ડ વિશ્લેષકોને સદાય યાદ રહે...!!!

સિંધુની આ અકલ્પ્ય જીત એ કદાચ ભારતની રિયો ઓલમ્પિકની આખરી ખુશીની ક્ષણ જ સાબિત થશે. જો કે એ પહેલા જ દેશની બીજી બે બેટીઓએ તિરંગાનું સ્થાન મુઠ્ઠી ઉંચેરુ તો કરી જ દીધેલું. એમાંની એક છે સાક્ષી મલિક..!!! ૫૮ કિલોની કુસ્તીમાં આ બેટીએ દેશને રિયોમાં પદ્કોનું ખાતું ખોલાવ્યું. ભલે કાસ્ય પદક જ જીતી પણ એ પદક એટલા માટે મહત્વનો છે કે ભારતનો રિયોમાં એ પહેલો ચંદ્રક છે અને ખાસ તો એ સાક્ષી માટે એટલા માટે અગત્યનો છે કે કુસ્તીમાં વીનેશ ફોગટ ચંદ્રકની હોટ ફેવરીટ મનાતી હતી અને વીનેશ ચંદ્રક જીતત પણ ખરી જો ચીનની રેસલર સામે કમનસીબપણે ઈજાગ્રસ્ત થઇ ના હોત તો પણ ફોગટની ખામી સાક્ષીએ પૂરી કરી નાખી. માન્યું કે આપણે ત્યાં સ્પોટ્ર્સમાં હજુ પણ રાજકારણની અસર વધુ છે અને બીજું કે હજુ એટલું સ્પોટ્ર્સ કલ્ચર વિકસ્યું પણ નથી એવામાં સ્વાભાવિક છે કે ફેવરીટ ખેલાડીની વાહ વાહ વધુ થાય. સાક્ષીના કેસમાં પણ એવું જ હતું. વિનેસના હોવાથી સાઈડલાઈન અનુભવતી સાક્ષી એ એવું શાનદાર પ્રદર્શન કર્યું અને એ પણ મેચની આખરી ૬ સેકન્ડમાં કે આજે ચારે તરફ સાક્ષી સાક્ષી થઇ રહ્યું છે. વીનેશની ઈજાથી ભારતે ચોક્કસપણે એક ચંદ્રક ગુમાવ્યો એમ કહી શકાય કેમકે વીનેશ અને આખી રેસલિંગ ટીમ ચંદ્રકો માટે અત્યંત આશાવાદી હતી. જો કે સાક્ષીના ચંદ્રકે ટીમને એમની તપસ્યાનું ફળ મેળવી આપ્યું અને ભારતને ઓલમ્પિકમાં ખુશ થવાનું પહેલું કારણ પણ...!!!

રમતમાં હાર જીત થયા કરતી હોય પણ તમે કેવી અને કેટલી લડત આપો છો એના પર દરેક રમતવીરનું ધ્યાન હોય છે. દીપા કરમારકરની બાબતમાં સિંધુ અને સાક્ષીથી વિપરીત થયું. દીપા વોલ્ટ જીમ્નાસ્ટીકમા મેડલ તો ના જીતી શકી પણ દેશના કરોડો લોકોનું દિલ અચૂક જીતી ગઈ એ એટલા માટે કે જીમ્નાસ્ટીકના ફાઈનલમાં પહોઆરી દીપા ભારતની સૌપ્રથમ ખેલાડી બની એટલું જ નહિ પણ માત્ર નજીવા અંતરે બ્રોન્જ ગુમાવી બેઠી પણ જે રીતે એણે છેલ્લે સુધી પોતાનું સ્થાન નમ્બર ત્રણ પર બનાવી રાખેલું એ જોઈને દેશના સવાસો કરોડ નાગરિકોનું દિલ બાગ બાગ થઇ ગયું. આટલા વર્ષોના ઈતિહાસમાં લાસ્ટ એઈટમાં આવનાર તરીકે દીપાનું નામ કમ સે કમ ભારતીય ઓલમ્પિક ઈતિહાસમાં તો સુવર્ણ અક્ષરે લખાઈ ગયું છે. સિંધુ કે દીપા સિવાય પણ દેશની બીજી બેટીઓએ પણ ઓલમ્પિકમાં શાનદાર પ્રદર્શન કર્યું છે પણ અફસોસ કે ચંદ્રક ના મળવાને લીધે કદાચ એમના તરફ આપણું ધ્યાન ઓછું ગયું છે પણ નેવરધલેસ એમનું યોગદાન દેશ યાદ તો રાખશે જ. આ ત્રણ સુપર હીટ નામ સિવાય ૩૦૦૦ મીટર સ્ટીપલચેજની ફાઈનલ રમેલી લલીતા શિવાજી બાબર ને કેમ ભૂલા? પી.ટી.ઉષા પછી આ પહેલી ખેલાડી હતી કે જે ૩૦૦૦ મીટરની ફાઈનલમાં રમી હોય. રિયોમાં સાઈના, કૌશિક, સાનિયા મિર્ઝા અને ખાસ તો ૮-૮ ઓલમ્પિક મેડલ વિજેતા ભારતીય હોકી ટીમની હાર પછી ચંદ્રકની આશા નહીવત હતી એવામાં દીપા, સાક્ષી અને ખાસ તો સિંધુની આ કામયાબી કાબિલે તારીફ છે. બેડમિંગટન સ્ટાર શ્રીકાંતને બાદ કરતા કોઈ પુરુષ ખેલાડી ખાસ કોઈ હીર ઝળકાવી ના શક્યો એનું દુઃખ ભારતની આ બેટીઓએ કરેલા શાનદાર પ્રદર્શનથી ભુલાઈ ગયું.

સિંધુ જ્યાં નાની ઉંમરથી જ શિક્ષણ લ્યે છે એ એક વખતના આપણા બેડમિન્ટન સ્ટાર ખેલાડી ફૂલેલા ગોપીચંદની એકેડમી ઓલમોસ્ટ એકલે હાથે દેશને રમતવીરો આપવાનું કામ કરે છે. સાક્ષી જ્યાંથી આવે છે એ હરિયાણામાં 'દંગલ' મતલબ કે કુસ્તી રમવાનો અધિકાર હજુયે ફક્ત પુરુષોને જ છે અને જો છોકરી દંગલમાં ભાગ લે તો હજુયે એટલું બધું ગૌરવવંતુ નથી ગણાતું. પણ સાક્ષીએ દરેક મુસીબતો વચ્ચે પણ દેશને ગૌરવ અપાવ્યું. ગોપીચંદની એકેડમી સખ્ત નાણાભીડ છતાં પણ દેશને આવા સર્વોચ્ચ રમતવીરો આપવા હજુયે કટિબદ્ધ છે. બબીતાના માં-બાપ મજુરી કરીને ગુજરાન ચલાવતા છતાયે બબીતાને પ્રોત્સાહન આપવામાં પાછીપાની ના કરી. દીપાએ એવા ક્ષેત્રમાં નામ બનાવ્યું કે જ્યાં સગવડો ઓછી હતી અને ઉપરથી આર્થિક ભીડ પણ...!!! સરકારે છેલ્લા પાંચ વર્ષમાં ઓલમ્પિકની તૈયારીને નામે ૧૨૦ કરોડ જેવો ખર્ચ કર્યો પણ દુઃખ સાથે કહી શકાય કે મોટાભાગના ખેલાડીઓએ પોતાની રીતે જ અને પોતાની સગવડતા મુજબ જ પોતાને તૈયાર કરેલા. નો ડાઉટ સરકારનો ફાળો તો ખરો જ પણ પ્રશિક્ષણ અને ફેસીલીટીના મામલે હજુયે આપણે બીજા દેશોથી પાછળ છીએ. સિંધુ, દીપા, સાક્ષી જેવા રિયોના આ સ્ટાર ખેલાડી એ બતાવે છે કે યોગ્ય વાતાવરણ અને પ્રોત્સાહન મળતું રહે તો આપણા ખેલાડીઓ પણ કૌશલ્યમાં બીજા દેશોથી પાછળ નથી જ. રિયોમાં દેશની બેટીઓએ મેળવેલી આ સફળતાથી આવનારા દિવસોમાં દેશમાં વધુને વધુ રમતોમાં ભાગ લેવાની એક પ્રણાલી શરુ થાય અને આવનારા ઓલમ્પિકમાં ભારત વધુ ચંદ્રકો જીતે એવી તૈયારી કરવામાં સરકાર અત્યારથી જ સહકાર અને સગવડો આપતી રહે તો આ ખેલાડીઓનો પુરુષાર્થ લેખે લાગ્યો ગણાશે. વિથ ધેટ હાઈ નોટ મુશ્કેલીઓનો સામનો કરીને તિરંગાની શાન વધારનાર આ વીરાંગનાઓ માટે એક સેલ્યુટ તો બનતા હૈ બોસ...!!!

# તીનપત્તી : સૌરાષ્ટ્રની રાષ્ટ્રીય રમત



## મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

સૌરાષ્ટ્રની આધૂનિક ઓળખ પણ ઊભી થઈ છે, એ છે શ્રાવણ મહિનામાં ગામે ગામે ભરાતા મેળાઓ અને ઘેર ઘેર રમાતો જુગાર, અહીંનો જુગાર એટલે ''તીનપત્તી'' અહીં પ્રત્યેક ઘરમાં તમામ સભ્યો એક સાથે રમવા બેસે. ક્યારેક ઘરના સભ્યો ઓછા પડે તો આડોશી-પાડોશીને બોલાવીને પણ આ તીનપત્તી ખેલાય. રાત્રે ૧૧ પછી સૌરાષ્ટ્રના મોટાભાગના ગામોમાં કોઈપણ ઘરમાં આ જુગાર ચાલતો હશે. જો કે એક વાત સ્પષ્ટ કરી લઈએ કે ઘરમાં પરિવાર સાથે રમાતો આ તીનપત્તીનો જુગાર એ કોઈ ક્લબમાં રમાતા જુગાર જેવો કે પોલીસે રેડ પાડવી પડે એવો નથી હોતો. પરંતુ ઘરમાં રમાતા આ જુગારમાં એક પારિવારિક ભાવના હોય છે. એકરૂપતા હોય છે.

આ તીનપત્તી વિવિધ રીતે ખેલાય છે. સાદી રીતે, ડરબી અને અમેરિકન ડરબી... વગેરે, કોઈને બાજીમાં બે ગલ્લા નીકળે અને એ જીતે તો ''ડરબી'' થાય છે. જેમાં જુદી જુદી રીતે તીનપત્તી ખેલવામાં આવે છે. એક વખત ચાર પત્તા, પછી બે પત્તા, પછી એક પત્તું.. અને દરેક વખતે ગલ્લો સર, આ ડરબીમાં પછી ઘણા પ્રકારની વેરાયટી ઉમેરી શકાય છે. ''અમેરિકન ડરબી'' પણ ઘણી ખતરનાક ગેમ છે. એમાં ધારો કે આઠ જણ રમે છે. બધાને નિયમ મુજબ ત્રણ ત્રણ પત્તા વહેંચાયા, પહેલી વ્યક્તિ બાજી જોઈને પેક થાય છે તો બાકીના સાતેયને એક એક પત્તું વધારાનું મળે, પછી બીજો જોયા વિના બંધ કરે અને ત્રીજો પોતાની બાજી જોઈને પેક કરે તો ફરીથી બધાને એક એક પત્તું મળે. આમ જેમ જેમ પટ્ટમાં બાજી પેક થતી જાય તેમ તેમ બધાને એક એક પત્તું મળતું જાય અને બાજી જામતી જાય, છેલ્લે બે ત્રણ સાચા ખેલાડી રહે ત્યારે દરેકને લગભગ આઠ —નવ પાનાં બાજીમાં હોય છે. એમાંથી ત્રણ પાનાંની એક બાજી બનાવવાની અને રમવાનું – જે જીતે તે સિકંદર. આ પણ બુદ્ધિની દૃષ્ટિએ ખુબ જ મનોવૈજ્ઞાનિક અને જોખમી ગેમ છે.

આ તીનપત્તીમાં પ્રત્યેક ગેમનું એક આગવું મહત્વ હોય છે જો આવડત હોય, ધૈર્ય અને હિંમત હોય તો બે ચાર સારી ગેમમાં જ સામે વાળાના ખિસ્સા ખાલી અને આપણા ખિસ્સા ભરી શકાય છે. એકાદ વખત આપણે બાજીમાં ''એક્કો,દુડ્ડી ને તીડી''ની સાચી રૉન આવી ગઈ અને સામે એકને એક્કો.રાજા,રાણીની રૉન, બીજાને બીજી નાની રૉન, ત્રીજાને મોટો કલર અને ચોથાને ડબલ એક્કા... આવી એકાદ ગેમ જ જીતનારનું કિસ્મત બદલી નાખે છે.

આ તીનપત્તીમાં બીજી એક મહાકલા છૂપાયેલી છે. ''કપટકલા'' જેને હું ''કૃષ્ણકલા'' કહું છું. આ તીનપત્તીમાં કપટ કરવાની પણ એક મજા છે. ઘણી વ્યક્તિઓ બાવન પત્તાને પોતાની આંગળીઓના ઈશારે નચાવતી હોય છે. પટ્ટમાં ગમે તેટલા રમવા બેઠા હોય પણ સૌની નજર ચૂકવી પત્તા ગોઠવવા અને કોઈને ખબર ના પડે એમ ધારેલી રૉન કે તીન-તીન આપણી બાજીમાં લેવા એ માધૂરી દીક્ષિત સાથે ડિનર કરવા જેટલું અઘરું કાર્ય છે. આમ છતાય ઘણા બધા તેજસ્વી બુદ્ધિ ધારકો પોતાની આ કૃષ્ણકલા દ્વારા કંઈક ધૂરંધરોના ખિસ્સા ખાલી કરી દેતા હોય છે.

તીનપત્તીમાં આ કપટકલા આપણામાં અનેક કૌશલ્યો ખીલવે છે. જીવનમાં આવનાર મુશ્કેલી સામે અગાઉથી કેમ જીતવું એ નિશ્ચિત કરીને એ મુશ્કેલીઓને હરાવી શકાય છે. વળી ગમે તેવી કઠીન પરિસ્થિતિઓમાં ''જીતવું જ'' એ આત્મવિશ્વાસ પણ કેળવાય છે. જો કે આ કપટકલા એ માત્ર તીનપત્તીમાં ઘર પૂરતી રહે તો ઠીક છે એ જો જીવનમાં ઉતરે તો વ્યક્તિનું પતન પણ થાય છે.

આ તીનપત્તીમાં ''બંધબાજી'' રમવાવાળા ઘણા ખેરખાંઓ હોય છે. જો કે એ સાચા જુગારીઓ હોય છે. પોતાની બાજી જોયા વિના જ છેક સુધી રમવું અને સામેનાને ડબલ રૂપિયા નખાવવા. છેલ્લે બે જણ રહે ત્યા સુધી બંધ બાજી રાખી પછી જ ખોલવી. આ પણ ભાગ્ય આધારિત માનસિક ગેમ છે. આપણે બંધ રમીએ એટલે સામેનાને ડબલ રૂપિયા નાખવાના થાય. આ તો ખુલ્લી આંખે અને આંખે પાટા બાંધી તલવાર બાજી કરવા જેવી વાત થઈ આમ છતાંય પોતાની બાજી જોઈને રમનાર વધુ ડરતો હોય છે. અને આ ડર જ તેને હરાવે છે.

આ તીનપત્તીને ખરેખર તો ગુજરાતની રાષ્ટ્રીય રમત જાહેર કરવી જોઈએ. કેમ કે એમાં સમય અને ખેલાડીની કોઈ પાબંદી નથી. વળી ઉંમરનો કોઈ બાધ નથી.કોઈ મોટું મેદાન નહી. ખોટા સાધનોનો ખર્ચ નહીં, માત્ર ૨૫/૫૦ રૂપિયાના પત્તા (તાશ) દ્વારા આ રમત શરું થઈ શકે. કોઈ અમ્પાયરની કે રેફ્રીની પણ જરૂર નહીં. વળી બધા નિષ્ઠાથી રમે, ખુમારી અને ખાનદાનીથી રમે, ત્યાગ અને બલિદાનની ભાવનાથી રમે, ખરેખર તો આ એક એવી રમત છે કે જેમાં પારિવારિક – ભારતીય સંસ્કારો તથા અનેક કલા કૌશલ્યો ઉજાગર થાય છે. અને તેથી જ સરકારે આ રમતનો વિકાસ કરવો જોઈએ. '' અખિલ ગુજરાત તીનપત્તી વિકાસ નિગમ''ની સ્થાપના કરીને તીનપત્તીની વિવિધ યોજનાઓ બહાર પાડવી જોઈએ. સર્વશ્રેષ્ઠ આવનારને દર વર્ષે ''તીનપત્તી સમ્રાટ પુરસ્કાર'' આપી સન્માન કરવું જોઈએ. ''તીનપત્તી દ્વારા માનવ વ્યક્તિત્વનો વિકાસ'' જેવા વિષય પર પરિસંવાદો યોજવા જોઈએ.

તીનપત્તી સંદર્ભે હજી ઘણું ઊંડાણથી વિચારી શકાય એમ છે. સામાજિક અને સાહિત્યિક રીતે એમાં ઘણી શક્યતાઓ રહેલી છે. આ રમત બિલીપત્ર જેટલી પવિત્ર છે. કેમ કે બિલીપત્રમાં ત્રણ પાંદડા હોય છે અને તીનપત્તીમાં પણ ત્રણ પાનાં હોય છે. ખરેખર તો સૌરાષ્ટ્રની બધી જ કોર્ટમાં 'ભગવતગીતા' ને બદલે ''બાવન પત્તા'' પર હાથ રાખી સોગંદ લેવડાવવામાં આવે તો કોઈપણ સાચો સૌરાષ્ટ્રવાસી અસત્ય નહી જ બોલે.

આમ આ તીનપત્તી એક જ એવી રમત છે જે સૌરાષ્ટ્ર – ગુજરાત અને ભારતને વૈશ્વિક ગૌરવ અપાવી શકે એમ છે. તો આવો આપણે સૌ સાથે મળીને તીનપત્તીનું ગૌરવ વધારીએ.

– 9426060601.india@gmail.com